| PUBLICATION NAME : | NavGujarat Samay |
|---|---|
| EDITION : | Ahmedabad |
| DATE : | 13/03/24 |
| PAGE : | 8 |

# આંત્રપ્રિન્યોરશિપ પોલિસી હેઠળ 136 યુવાનોને ગ્રાન્ટ્સ એનાયત



**ગાંધીનગરઃ** ગુજરાત સરકારના ઉચ્ચ શિક્ષણ વિભાગે આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટયૂટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ)ના સહયોગમાં ઈડીઆઈઆઈ કેમ્પસ ખાતે સ્ટુડન્ટ આંત્રપ્રિન્યોરશિપ પોલિસી હેઠળ 136 વિદ્યાર્થીઓને સ્ટાર્ટઅપ ગ્રાન્ટ્સ એનાયત કરી હતી. આ પોલિસી હેઠળ 136 નવીનતમ આઈડિયાઝને રૂ. 40,000ની નાણાંકીય સહાય આપવામાં આવી હતી. ફેકલ્ટી મેમ્બર્સ દ્વારા 460 વિદ્યાર્થીઓને નોમિનેટ કરવામાં આવ્યા હતા. 460 બિઝનેસ આઈડિયાઝમાંથી 136ને સ્ટુડન્ટ આંત્રપ્રિન્યોરશિપ પોલિસી હેઠળ ગ્રાન્ટ્સ આપવા માટે પસંદ કરવામાં આવ્યા હતા. ગ્રાન્ટ એનાયત કાર્યક્રમમાં ગુજરાત સરકારના રાજ્યકક્ષાના પ્રધાન પ્રફુલ પાનશેરિયા ઉપરાંત ગુજરાત સરકારના ઉચ્ચ શિક્ષણના અધિક નિર્દેશક વદન સિંહ બોદાના અને ઈડીઆઈઆઈના આંત્રપ્રિન્યોરશિપ શિક્ષણ વિભાગના ડિરેક્ટર ડો. સત્ય રંજન આચાર્યે હાજરી આપી હતી.